# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, દેશના દરેક ગામમાં આગામી પાંચ વર્ષમાં સહકારી સંઘ હોય તે મોદી સરકારનું લક્ષ્ય.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે ગોરખપુરમાં ઉત્તરપ્રદેશના પહેલા મહાયોગી ગુરુ ગોરખનાથ આયૂષ વિશ્વ-વિદ્યાલયનું ઉદ્ઘાટન કરશે.

3) વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકર આજે અમેરિકામાં ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે.

4) હવામાન વિભાગે જુલાઈ મહિનામાં સમગ્ર દેશમાં સરેરાશ વરસાદ સામાન્યથી વધુ રહેવાની શક્યતા વ્યક્ત કરી.

5) વિમ્બલડનના પહેલા દિવસે પુરુષ સિંગલ્સ ચેમ્પિયન કાર્લોસ અલ્કરાઝે પાંચ સેટની મેરેથૉન મેચ જીતી લીધી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH MANTHAN

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, આગામી પાંચ વર્ષમાં દેશના દરેક ગામમાં સહકારી સંઘ હોય તે મોદી સરકારનું લક્ષ્ય છે. લક્ષ્ય પ્રાપ્ત કરવા સહકારની માહિતીનો ઉપયોગ કરવો જોઈએ. શ્રી શાહે તમામ રાજ્યોને તેમના રાજ્યમાં ત્રિભુવન સહકારી વિશ્વ-વિદ્યાલયથી સંબંધિત ઓછામાં ઓછી એક સહકારી તાલીમ સંસ્થા બનાવવા અનુરોધ કર્યો.

નવી દિલ્હીમાં ગઈકાલે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ સાથેની “મંથન બેઠક”માં શ્રી શાહે આ મુજબ જણાવ્યું. આંતર-રાષ્ટ્રીય સહકાર વર્ષને લઈ યોજાયેલી બેઠકનો ઉદ્દેશભારતમાં સહકાર આંદોલનને સશસ્ત બનાવવા ચાલી રહેલી યોજનાઓની સમીક્ષા, સિદ્ધિઓનું મૂલ્યાંકન અને સહકાર વધારવા યોગ્ય મંચ ઉપલબ્ધ કરાવવા અંગે વિચાર કરવાનો હતો.

# PRESIDENT GORAKHPUR VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે ગોરખપુરમાં ઉત્તરપ્રદેશના પહેલા મહાયોગી ગુરુ ગોરખનાથ આયૂષ વિશ્વ-વિદ્યાલયનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઉપસ્થિત રહેશે.

<u>(V/C- OM AWASTHI)</u>

# JAISHANKAR QUAD MEETING

વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકર આજે અમેરિકાના વૉશિંગ્ટન ડીસીમાં ક્વાડ વિદેશમંત્રીઓની બેઠકમાં ભાગ લેશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું, ક્વાડ સંગઠનના વિદેશ મંત્રી આ વર્ષે 21 જાન્યુઆરીએ વિદેશમંત્રીઓની છેલ્લી બેઠકમાં થયેલી ચર્ચા-વિચારણા આગળ વધારશે. પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ ખાસ કરીને ભારત-પ્રશાંત ક્ષેત્ર સંબંધિત વિકાસ પર પણ ચર્ચા થશે.

આ વર્ષે યોજાનારા ક્વાડ શિખર સંમેલનને લઈ અત્યાર સુધી વિવિધ પહેલ પર થયેલા વિકાસની સમીક્ષા પણ કરાશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું, ક્વાડ દેશના વિદેશ મંત્રીઓ વચ્ચે સ્વતંત્ર અને મુક્ત ભારત-પ્રશાંત ક્ષેત્ર પર સંયુક્ત દ્રષ્ટિકોણને આગળ વધારવાના નવા પ્રસ્તાવો પર પણ ચર્ચા-વિચારણા થઈ શકે છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો આ બેઠકની યજમાની કરશે. વિદેશ મંત્રી ડૉ. જયશંકર ઉપરાંત ઑસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વૉન્ગ અને જાપાનના વિદેશમંત્રી ઈવાયા તાકેશી આ બેઠકમાં ઉપસ્થિત રહેશે.

# SITHARAMAN FINANCING

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, મૂડી એકત્રિત કરવી, ઉત્પાદકતા અને નવિનતાને વધારવા તેમજ ટૅક્નિકલ કાર્યક્ષમતાને લાગુ કરવા ખાનગી રોકાણ એ ઉત્પ્રેરક શક્તિ છે. તેમણે કહ્યું, સમાવેશક અને સતત આર્થિક વિકાસ માટે આ ક્ષમતાઓ જરૂરી છે. ગઈકાલે સ્પેનના સેવિલમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા યોજાયેલા ચોથા આંતર-રાષ્ટ્રીય વિકાસ નાણા સંમેલનને સંબોધતા સુશ્રી સીતારમણે કહ્યું, ખાનગી મૂડીના અસરકારક એકત્રિકરણ માટે મજબૂત આંતર-

રાષ્ટ્રીય સહકાર અને મજબૂત સ્થાનિક સુધારાઓને જોડતી વ્યૂહરચનાની જરૂર છે. સુશ્રી સીતારમણે સાત વ્યૂહાત્મક ક્ષેત્રનો ઉલ્લેખ કર્યો, જેમાં પરિવર્તન જરૂરી છે. તેમણે કહ્યું, આમાં મજબૂત સ્થાનિક નાણા બજાર, સંસ્થાગત પરિવર્તનથી જોખમોનું સમાધાન તથા રોકાણ તક અને મિશ્રિત નાણાકીય વ્યવસ્થાની ઉપલબ્ધતાનો સમાવેશ થાય છે.

# WEATHER

હવામાન વિભાગે જુલાઈ મહિનામાં દેશમાં સરેરાશ વરસાદ સામાન્યથી વધુ રહેવાની શક્યતા વ્યક્ત કરી. વિભાગના મહાનિદેશક ડૉક્ટર મૃત્યુંજય મહાપાત્રેએ એક વર્ચ્યૂઅલ પત્રકાર સંમેલનમાં કહ્યું, દેશના મોટા ભાગના વિસ્તારમાં સામાન્યથી વધુ વરસાદની સંભાવના છે. તેમણે કહ્યું, જુલાઈમાં ઉત્તર-પૂર્વ અને પૂર્વના મોટા ભાગના વિસ્તાર તેમજ દૂર દક્ષિણના દ્વિપકલ્પીય વિસ્તારો અને ઉત્તર-પશ્ચિમ ભારતના કેટલાક વિસ્તારમાં સામાન્યથી ઓછો વરસાદ થઈ શકે છે.

કેરળમાં તો ચોમાસું સામાન્ય તારીખ એક જૂનથી પહેલા જ 24 મૅ-એ આવી ગયું છે. 17 વર્ષ બાદ ચોમાસાનું નિર્ધારિત સમય પહેલા આગમન થયું છે. દક્ષિણ પશ્ચિમ સોમાસું પોતાની સામાન્ય તારીખથી નવ દિવસ પહેલા 29 જૂને સમગ્ર દેશમાં પહોંચ્યું છે. ડૉક્ટર મહાપાત્રાએ કહ્યું, આ વર્ષે જૂન મહિનામાં કુલ 180 મિલિમિટર વરસાદ થયો છે. આ 165.3 મિલિમિટરના સામાન્ય સ્તરથી વધુ છે, પરંતુ ઉત્તર-પૂર્વ ભારતમાં સામાન્યથી ઓછો માત્ર 272.9 મિલિમિટર વરસાદ થયો.

# NT WIMBLEDON 2025

2025 વિમ્બલડન ચૅમ્પિયનશીપનો પ્રારંભ થઈ ગયો છે, જેમાં બે વખતના પુરુષ સિંગલ્સ ચૅમ્પિયન કાર્લોસ અલ્કરાઝે ગઈકાલે ઈતાલવી ફૈબિયો ફોગનિની સામે પાંચ સેટની મેરેથોન મૅચ જીતી લીધી. ટૅનિસ કેલેન્ડરની ત્રીજી ગ્રાન્ડ સ્લૅમ વિમ્બલડન 2025નો ગઈકાલે લંડનના ઑલ ઇંગ્લૅન્ડ ક્લબ ખાતે પ્રારંભ થયો. આ ચૅમ્પિયનશીપ આગામી 13 જુલાઈએ પુરુષ સિંગલ્સ ફાઈનલની સાથે પૂર્ણ થશે.

મહિલા સિંગલ્સમાં બારબોરા ક્રેજિકોવા ઈજાના ભય વચ્ચે પણ ખિતાબ બચાવવા તૈયાર છે. ક્રેજિકોવા આજે પહેલા રાઉન્ડમાં ફિલિપાઈન્સનાં એલેક્ઝાન્ડ્રા ઈલા સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ વર્ષના વિમ્બલડનમાં પુરુષ ડબલ્સમાં ભારતના ચાર ભારતીય ટૅનિસ ખેલાડી પણ રમશે.

અનુભવી રોહન બોપન્ના બેલ્જિયમના સેન્ડર ગિલે સાથે જોડી બનાવશે. જ્યારે યુકી ભાંબરીએ U.S.A.ના રૉબર્ટ ગૈલોવે સાથે જોડી બનાવી છે, જેમાં ઈન્ડો-અમેરિકન જોડીને 16-મો ક્રમાંક અપાયો છે. ઉપરાંત ઋત્વિક બોલિ-પલ્લી રોમાનિયાના નિકોલસ બેરિએન્ટોસ એન સાથે રમશે. તો શ્રીરામ બાલાજીએ મૅક્સિકોના મિગુએલ રેયેસ-વરેલા સાથે જોડી બનાવી છે.

# HARSH SANGHVI TWEET

સ્વિટ્ઝર્લૅન્ડમાં ઍસોસિએશન ઑફ નેશનલ ઓલિમ્પિક કમિટીઝની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં આગામી વિવિધ કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી.

બેઠકમાં ભારતનાં રમતગમત સચિવ પી.ટી. ઉષા, ACS સ્પોર્ટ્સ ગુજરાત અને ACS અર્બન ગુજરાત સહિતના લોકો ઉપસ્થિત રહ્યા. રમતગમતના ભવિષ્યને સાથે મળીને ઘડવા અને સહયોગ કરવાની આ એક ઉત્તમ તક હોવાનું શ્રી સંઘવીએ જણાવ્યું.

# RAILWAY FARE

રેલવે મંત્રાલયે પ્રવાસી રેલવે સેવા ભાડામાં આજથી ફેરફાર લાગૂ કર્યા છે. નૉન-એસી મેલ અને એક્સપ્રેસ રેલગાડીઓના ભાડામાં સામાન્ય વધારો કરાયો છે. પ્રતિ કિલોમીટર એક પૈસા અને AC શ્રેણીમાં બે પૈસા પ્રતિ કિલોમીટર ભાડું વધારવામાં આવ્યું છે. જ્યારે દ્વિતીય શ્રેણીમાં 500 કિલોમીટર સુધીના પ્રવાસ માટે ભાડામાં કોઈ વધારો નથી કરાયો.

રેલવે મંત્રાલયે જણાવ્યું, આ પગલાનો ઉદ્દેશ રેલવે ભાડાને તર્કસંગત બનાવવા અને મુસાફરોની સેવાઓ માટે ભંડોળ વધારવાનો છે.

<u>(VOICE CAST: AADARSH KUMAR)</u>

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

1) આજના અખબારોએ ચીન, બાંગ્લાદેશ અને પાકિસ્તાન દ્વારા નવા સાર્ક દેશોના સંગઠનની રચનાના પ્રયાસ, ડેરી ક્ષેત્રમાં અમેરિકાના પગપેસારા પર ભારતની બ્રેક, ગુજરાતમાં ડબ્બા ટ્રેડિંગનો વેપલો જેવા સમાચાર પહેલા પેજ ઉપર જોવા મળે છે

વર્તમાનપત્રો અનુસાર જોઇ તો

2) ચીન, પાકિસ્તાન , બાંગ્લાદેશનો નવુ સાર્ક રચના કારસો આ હેડલાઇન સંદેશે બનાવી છે

3) ગુજરાત સમાચારે લખ્યું છે કે ગુજરાતમાં ડબ્બા ટ્રેડિંગ- ગેમિંગનો કરોડોનો બિન્દાસ વેપલો

4) દિવ્ય ભાસ્કરે પહેલા પેજ ઉપર વિમાની દુર્ઘટનાના મૃતદેહોનું ચોવિસ કલાક પોસ્ટમોર્ટમ કરનારા ડોક્ટરોની તસવીરો સાથે પહેલા પેજ ઉપર છાપીને તેમની કામગીરીને બિરદાવતા સમાચાર છાપ્યાં છે.

5) ફૂલછાબની હેડલાઇન છે અમેરિકા સાથે વેપાર સમજૂતી ભારતની શરતે

6) ઝુકેગા નહીઃ ડેરી-કૃષિ ટ્રેડમાં અમેરિકાને ભારતની ના આ હેડલાઇન આજના નવ ગુજરાત સમયની છે

7) રાજ્ય અને સ્થાનિક સમાચારમાં ફ્લેટના વેચાણ પર સ્ટેમ્પ ડ્યુટીમાં 80 ટકાનો ઘટાડો, દંડમાં પરોક્ષ રાહત , ડુંગળી પકવતાં ખેડૂતો માટે સરકારની સહાયની જાહેરાત, ગુજરાતમાં વરસાદ , ડીજીપી સહાયને એક્સટેન્શન સહિતના સમાચાર તમામ અખબારોના છેલ્લા પેજ ઉપર વાંચવા મળી રહ્યાં છે.